**DISTRICT PANCHAYAT RAJKOT**
**EDUCATION BRANCH**
**OLD COURT BUILDING**
**5TH FLOOR, ROOM NO. 515**
**Phone No. : 0281 2444437**

જિલ્લા પંચાયત કચેરી રાજકોટ
શિક્ષણ શાખા, જૂની કોર્ટ બિલ્ડીંગ,
પાંચમો માળ, રૂમ નં. ૫૧૫
ફોન નં. ૦૨૮૧-૨૪૪૪૪૩૭

નં./શિક્ષણ/એસ્ટા-૮/વશી/૭૮-૬

તા.૦૯/૧૦/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી, તમામ

પ્રાથમિક શાળા/ તાલુકા શાળા, તમામ

જિલ્લો:- રાજકોટ

વિષય:- પ્રાથમિક શાળાના શિક્ષકો/ વિદ્યાસહાયક /મુખ્ય શિક્ષકોએ બજાવવાની ફરજો અને અનુસરવાની આચારસંહિતા બાબત

સંદર્ભ:- (૧) ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭નો નિયમ-૭૦
(૨) ભારત સરકારનો બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯
(૩) ગુજરાત શિક્ષણ કાયદો(સુધારા)અધિનિયમ-૨૦૧૦
(૪) ગુજરાતના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો-૨૦૧૨
(૫) ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક:-પીઆરઈ/૧૨/૨૦૧૪/૪૦૭૯૬/ક સચિવાલય ગાંધીનગર, તા.૦૭/૦૨/૨૦૧૪
(૬) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રીના શૈક્ષણિક સેમિનારમાં મળેલ સૂચના તા.૦૪/૧૦/૨૦૨૪

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અનુસંધાને જણાવવાનું કે સંદર્ભ-૧ થી ૪ અન્વયેની સૂચનાઓ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે. રાજકોટ જીલ્લામાં શિક્ષણને વધારે ગુણવત્તા સભર બનાવવા માટે તેમજ RTE અધિનિયમ-૨૦૦૯ અને તે હેઠળ બનાવવામાં આવેલ નિયમો અને જોગવાઈ ધ્યાને લેતા રાજકોટ જીલ્લાની પ્રાથમિક શાળાઓ અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો/વિદ્યાસહાયકો/મુખ્ય શિક્ષકોઓના અગાઉ નિયત કરાયેલ ફરજો બજાવવા સૂચના થયેલ છે.

સંદર્ભ-૬ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ ઠરાવમાં કલમ-૧ ની E અનુસરવા તેમજ કલમ-૨ ની ડ મુજબ સામાન્ય ફરજો આપવામાં આવેલ છે. જે અન્વયે ખાસ કરીને રાજકોટ જિલ્લાની કોઈપણ પ્રાથમિક શાળામાં કોઈપણ શિક્ષક/વિદ્યાસહાયક કે મુખ્ય શિક્ષકો કોઈ પણ પ્રકારનો ધૂમ્ર પાન અને તંબાકુ જેવા પ્રદાર્થો સાથે શાળામાં ન આવે તેની તાકીદ કરવામાં આવે છે. અનુભવે જણાયેલ છે કે ઘણી શાળાઓમાં શિક્ષકો/વિદ્યાસહાયકો મુખ્ય શિક્ષકો ધૂમ્રપાન અને તંબાકુ જેવા પ્રદાર્થો સાથે શાળામાં આવતા હોય છે જેવા કે પાન/માવા/સિગારેટ/તંબાકુ વગેરે પદાર્થોનું સેવન જેવી કે નિકોટિન યુક્ત પદાર્થોઓનું સેવન પર નિયમોનુસાર સરકારી ઠરાવમાં પ્રતિબંધિત કરવામાં આવેલ છે.

ઉપરોક્ત ધૂમ્રપાન અને તંબાકુનું સેવન તેમજ શાળાના પરિસરમાં પ્રતિબંધ છે તેમ છતાં જો આ અંગેની માહિતી ફરીયાદ કે જાણ થશે. તો શિક્ષાત્મક કાર્યવાહી કરવાની થશે. જેની ગંભીર નોંધ લેવા જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત રાજકોટ

નકલ રવાના:-

1. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ જી.રાજકોટ
(આપના તાબની શાળાઓને અમલવારી સારું)